# સઈજ ડબલ મર્ડર કેસનો ભેદ ઉકેલાયો



**બે મહંતોની હત્યા જુના બે ચેલાઓએ અન્ય એક સાગરીત સાથે મળીને કરી હતી : એકની ધરપકડ : મંદિરમાંથી કાઢી મુકવાનો બદલો લેવા અને રૂપિયા લુંટવા હત્યા થઈ હોવાનું ખુલ્યુ : ફરાર બંને હત્યારાઓ તેમના વતનમાં પણ હત્યા કરીને આવ્યા હતા**

ગાંધીનગર, તા. ૭

કલોલનો સઈજ વિસ્તારમાં સ્થિત સિદ્ધનાથ મહાદેવમાં દસ દિવસ પહેલા થયેલા ડબલ મર્ડર ભારે ચકચાર મચાવી હતી. આ મહંતોની હત્યાનો ભેદ આખરે ગાંધીનગર પોલીસે ઉકેલી નાંખ્યો છે. એલસીબી, એસઓજી, સાંતેજ અને કલોલ તાલુકા પોલીસની ટીમોએ મળીને બે મહંતોની હત્યા કરનાર ત્રણ હત્યારા પૈકી એક સાગરીતને દબોચી લીધો છે. અન્ય બે ફરાર હત્યારા પોતાના વતનમાં પણ એક યુવાનની હત્યા કરીને ભાગી આવ્યા હોવાનું ધ્યાને આવ્યુ છે. વતનમાં હત્યા કરીને ભાગી આવેલા એ બંને શખ્સો ચેલા બનીને આ મંદિરમાં છુપાઈને રહેતા હતા. મહંતે તે બંનેને કાઢી મુકતા લાગી આવ્યુ હતુ તેનો બદલો લેવા તથા રૂપિયાની જરૂર હોવાથી લુંટ કરવાના આશયથી બંને મહંતની હત્યા થઈ હોવાનું ખુલ્યુ છે.

સઈજના સિદ્ધનાથ મહાદેવ મંદિરમાં ઘુસીને દસ દિવસ પહેલા મહંત દિલીપગીરી ગુરૂ તથા સેવક ઈશ્વરના બંનેની કરપીણ હત્યા થઈ જવા પામી હતી. આ પ્રકરણમાં પોલીસને માહિતી મળી હતી કે અગાઉ બે ચેલા રહેતા હતા તેમને આ મહંતે કાઢી મુક્યા હતા. જેને પગલે તે દિશામાં ગાંધીનગર એસપી વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. એલસીબી પીઆઈ આશુતોષ પરમાર, એસઓજી પીઆઈ પરાગ ચૌહાણ, સાંતેજ પીઆઈ બી.એન. દવે અને કલોલ તાલુકા પીઆઈ આર.આર. ચૌધરીની વિવિધ ટીમોએ અલગ અલગ મુદ્દાઓ પર વર્ક આઉટ શરૂ કર્યુ હતુ. સીસીટીવે ફુટેજ તપાસવા, કોલ ડીટેઈલનો અભ્યાસ કરવા, ઈન્ટ્રોગેશન કરવા અને હ્યુમન રીસોર્સ પાસેથી માહિતી એકઠી કરવા અલગ અલગ ટીમો બની હતી અને તપાસમાં ખુલ્યુ હતુ કે મહંતના જુના બે ચેલાઓ પ્રદિપ અને દિપક તેના અન્ય એક સાગરીત રાજુ સાથે મળીને ખુની ખેલ ખેલ્યો હતો. ત્રણ પૈકી એક રાજુ પોલીસના સકંજામાં આવી ગયો છે.

મધ્યપ્રદેશના સતના જિલ્લાના ત્રણેય આરોપીઓ છે. જે પૈકી પકડાયેલા સંજીવ ઉર્ફે રાજુ ઉર્ફે દાદુ રમાકાન્ત શુકલની પુછતાછમાં જાણવા મળ્યુ છે કે ૨૦૧૬-મે માસમાં દિપક અને પ્રદિપ તેમના ગામમાં એક યુવાનની હત્યા કરીને ભાગી ગયા હતા. પ્રદિપ મિશ્રાને અન્ય ત્રણ ભાઈઓ છે તે પૈકી સંજીવ મિશ્રા અને નારણ મિશ્રા પણ તે હત્યાના ગુનામાં હતા. જો કે તે બંનેને પોલીસે પકડી પાડ્યા હતા. જ્યારે પ્રદિપ અને તેનો કુટુંબી સગો દિપક બંને હત્યા કરીને ભાગી છુટ્યા હતા. અન્ય એક સંબંધીના મારફતે મુખ્ય આશ્રમનો સંપર્ક કરી પોતાની હિસ્ટ્રી છુપાવીને આ બંને શખ્સો નોકરીના બહાને સઈજ ખાતેના આ આશ્રમમાં રોકાઈને છુપાઈ ગયા હતા. જો કે આ બાબત મહંતથી અજાણ હતી પરંતુ જમવાનું બનાવવાની બાબતે મહંતને બબાલ થતા બંનેને મહંતે કાઢી મુક્યા હતા.

રાજુનું કહેવુ છે કે તે દિવસથી પ્રદિપ અને દિપકે મહંત સાથે વેર વાળી લીધુ હતુ અને "હમકો ઔકાત દિખાતા થા, હમને ઔકાત દીખા દી..!" તે શબ્દો હત્યા કર્યા બાદ તે બંનેના હતા. તે ઉપરાંત મધ્યપ્રદેશમાં કરેલી હત્યામાં પ્રદિપના બે ભાઈઓ જેલમાં છે. તેમને છોડાવવા પણ પૈસાની જરૂર હોવાથી લુંટ પણ કરવા આવ્યા હતા. મંદિરમાંથી રૂ. ૩૫ હજાર રોકડા તથા ચાંદીના સિક્કાઓની પોટલી તે ત્રણેય લુંટી હતી. તે પૈકી રૂ. ૧૦ હજાર રાજુને મળ્યા હતા. અન્ય બંને હત્યારા મહંતના જુના ચેલાઓ પકડાય ત્યારે લુંટની રકમની સાચી વિગતો બહાર આવે તેવી શક્યતા છે.

# સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત કેન્દ્રીય રાજય મંત્રી મનસુખ માંડવીયાએ હોસ્પિટલની મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૭

સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ગાંધીનગર સિવિલ હોસ્પિટલની આજે કેન્દ્રીય રાજય મંત્રી મનસુખ માંડવીયાએ મુલાકાત લીધી હતી. વિશેષ ભાર મુકી રહ્યા છે. પ્રજાજનોમાં સ્વચ્છતા અંગે જાગૃતિ આવે તે માટે તંત્ર દ્વારા વિવિધ કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે. ત્યારે સ્વચ્છ ભારત મિશન અંતર્ગત બુટ-ચંપલ મુકવા માટે સ્ટેન્ડ તેમજ તુટી ગયેલી છત પણ રીપેર કરી સ્વચ્છતા જાળવવા જણાવ્યું હતું. જયારે હોસ્પિટલના તંત્ર દ્વારા પણ સુચનની અમલવારી ઝડપી



તેઓએ હોસ્પિટલના વિવિધ સ્થળોની મુલાકાત લઈ દર્દીઓના ખબર અંતર પુછયા હતા તેમજ સફાઈ અંગે ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું અને અધિકારી તેમજ સ્ટાફના કર્મચારીઓને જરુરી સુચનો આપ્યા હતા.

ભારતના વડાપ્રધાન સ્વચ્છ ભારત સ્વસ્થ ભારત અભિયાન ચલાવી રહ્યા છે. ત્યારે રાજય સરકારના વિવિધ વિભાગના અધિકારીઓ પણ સ્વચ્છતા પર ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પણ દરમાસના પ્રથમ સપ્તાહમાં સફાઈ અંગેની ચકાસણી થાય છે. જે અંતર્ગત આજરોજ સવારે કેન્દ્રીય રાજયમંત્રી મનસુખભાઈ માંડવીયાએ મુલાકાત લીધી હતી. જેમાં ઓપીડી વિભાગ, આઈસીયુ વોર્ડ, હિમોડાયાલિસીસ, જેનરીક દવાનો સ્ટોર સહિત વિવિધ વોર્ડની મુલાકાત લઈને દર્દીઓની ખબર અંતર પુછ્યા હતા. હોસ્પિટલની મુલાકાત લઈને તંત્રને વોર્ડની બહાર કરવામાં આવશે તેવી આરએમઓ ડો. કલ્પેશ શાહ દ્વારા હૈયાધારણા આપવામાં આવી હતી. જયારે સમગ્ર રાઉન્ડ દરમિયાન આઈએમએના પ્રમુખ ડો. અનિલ ચૌહાણ, મેટર્ન જાગૃતિબેન પટેલ, એસઆઈ ભરતભાઈ બારોટ, પ્રકાશભાઈ, રાજદીપ ના સુપરવાઈઝર કનુભાઈ તેમજ સિકયુરીટીના સુપરવાઈઝર મુકેશભાઈ સહિતના કર્મચારીઓ હાજર રહ્યા હતા.

## આજે મનપાનું જનસેવા કેન્દ્ર ચાલુ રહેશે

બીજા શનિવારની રજા હોવા છતાં ગાંધીનગર મહાનગરપાલિકા વોર્ડ નં. ૭ની વોર્ડ કચેરી તેમજ મનપાનું જનસેવા કેન્દ્ર બપોરના ૩ વાગ્યા સુધી કાર્યરત રહેશે. જેમાં આધાર કાર્ડ અંગેની કામગીરી કરવામાં આવશે તેમ મનપાના સત્તાવાર સૂત્રોએ જણાવ્યું છે.

# ૧લી થી ૧૪મી નવેમ્બર સુધીમાં જિલ્લા ભાજપના સ્નેહમિલન સમારોહ યોજાશે

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લા ભાજપ દ્વારા ૧થી ૧૪ નવેમ્બર દરમ્યાન સ્નેહમિલન કાર્યક્રમોનું આયોજન કરવા સહિત ઓક્ટો. અને નવેમ્બર માસના પક્ષના કાર્યક્રમોની જિલ્લા ભાજપની કારોબારી સમિતિમાં આખરી ઓપ આપવામાં આવ્યો હતો.

ભારતીય જનતા પાર્ટી, ગાંધીનગર જિલ્લા દ્વારા એક અખબારી યાદીમાં જણાવવામાં આવે છે કે તા. ૬-૧૦-૨૦૧૬ને ગુરૂવારના રોજ ગાંધીનગર જિલ્લાની કારોબારી બેઠક બપોરે ૨.૦૦ કલાકે સ્ટાફ ટ્રેનીંગ કોલેજ, સ. ૧૭ જિલ્લા ભાજપ પ્રમુખ નૈલેષભાઈ શાહ, પ્રદેશ મંત્રીને પ્રભારી રમણજી સોલંકી, પ્રદેશ મહામંત્રી કે.સી. પટેલ, વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર, ધારાસભ્ય અશોકભાઈ પટેલની ઉપસ્થિતિમાં મળી હતી. જુદા જુદા વિષયો ઉપર જિલ્લા કારોબારીના સભ્યોને માર્ગદર્શન આપ્યુ હતુ. જિલ્લા ભાજપ પ્રમુખે જણાવેલ કે આગામી વર્ષ ચૂંટણીલક્ષી વર્ષ હોઈ દરેક જવાબદાર પદાધિકારીઓ પોતાના ગામમાં આવેલ બુથ પર ધ્યાન કેન્દ્રીત કરવાનુ આહવાન કર્યુ હતુ. તેમજ પ્રદેશના વિવિધ આગામી કાર્યક્રમો જેવા કે ૧૦૦ ટકા બુથ સમિતિ અને બુથ વાલીની નિયુક્તિ અંગે, પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીના જન્મ શતાબ્દી વર્ષ નિમિત્તે પૂર્ણકાલીન કાર્યકર્તા અંગે, નવરાત્રી દરમ્યાન સેવાકીય કાર્યો અંગે, ખાદી ખરીદી અંગે, સાધના સાપ્તાહિક માટે ગ્રાહક ઝુંબેશ (તા. ૮ થી ૧૬ ઓક્ટોબર), દિવાલી સ્નેહ સંમેલનો (તા. ૧ થી ૧૪ નવેમ્બર-દેવ દિવાળી સુધીમાં), સહાય સેતુ માટેના કેમ્પ (તા. ૧૫ થી ૩૦ નવેમ્બર દરમ્યાન), મોરચા દ્વારા સંમેલન (ડિસેમ્બર-૨૦૧૬), શક્તિ કેન્દ્રોમાં મેડીકલ કેમ્પ, ભીંત સૂત્રોની રૂપરેખા સમજાવી હતી. આ પ્રસંગે મહામંત્રી આઈ.બી. વાઘેલા, નાથુભાઈ ચૌધરી અને અનિલભાઈ પટેલે વિવિધ ઠરાવો દ્વારા માર્ગદર્શન પુરૂ પાડ્યું હતુ. વિશેષ કરીને જિલ્લાના ઉપપ્રમુખ કનુભાઈ પટેલ ગાંધીનગર જિલ્લામાં રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારે કેટલી સહાય કરી તેની વિકાસ ગાથા રજુ કરી હતી.

# એનઆઈસીએમ ખાતે "કાસ્ટ એન્ડ મી" નાટક યોજાયું

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેરના પાદરે આવેલ એનઆઈસીએમ ઈન્સ્ટયુટ ખાતે એમબીએમાં અભ્યાસ કરતા આ અદભુત નાટક જોઈને દંગ રહી ગયા હતા. વિદ્યાર્થીઓ દ્વારા સમાજમાં રહેલી વર્ણવ્યવસ્થા પર ચર્ચા-વિચારણા પણ કરવામાં આવી હતી. આવી હતી. જયારે કિરણભાઈ ત્રિવેદી દ્વારા પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા વિદ્યાર્થીઓને વર્ણવ્યવસ્થાના મુળ તેનું સાંસ્કૃતિક જોડાણ અને હાલમાં તેના



વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. ત્યારે અપના અડ્ડાની ટીમ દ્વારા વર્ણવ્યવસ્થાની ઉપર કાસ્ટ એન્ડ મી સુંદર નાટક ભજવવામાં આવ્યું હતું. એનઆઈસીએમના વિદ્યાર્થીઓ પણ

ગાંધીનગર શહેરના ચ-૦ ઈન્ફોસીટી પાસે આવેલ જયરામભાઈ પટેલ ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ ખાતે એમબીએમાં અભ્યાસક્રમ કરતા વિદ્યાર્થીઓ માટે પ્લેસમેન્ટ સેલના પ્રોફેસર યશ ભટ્ટ દ્વારા અપના અડ્ડાની ટીમને બોલાવવામાં આવી હતી. ટીમના સભ્યોએ વિદ્યાર્થીઓ સાથે ચર્ચા તેમજ ચિંતન કર્યા બાદ સમાજમાં રહેલી વર્ણવ્યવસ્થા પર કાસ્ટ એન્ડ મી નાટક રજુ કર્યું હતું જેમાં નીચલા વર્ગના નાગરીકોની સમસ્યાને વાચા આપવામાં લીધે થયેલી પ્રવર્તમાન સ્થિતિ વિષે જણાવ્યું હતું. શરસ્તુ ભાઈ દ્વારા વિદ્યાર્થીઓના મતમતાંતર અને વાત સાંભળીને સહજતાથી ચર્ચાને વેગ આપવામાં આવ્યો હતો. એમ.બી.એના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ કંઈક નવુ જાણવા મળ્યાનો સંતોષ વ્યકત કરીને નવિનીકરણ વિચારધારા કેળવી હતી. આ પ્રસંગે સંસ્થાના ઈન્ચાર્જ પ્રિન્સીપાલ ડો. જીજ્ઞા ત્રિવેદીએ ઉપસ્થિત રહીને વિદ્યાથીઓને પ્રોત્સાહન પુરુ પાડ્યુંહતું.

# ધોલવાણી ગામના બીએસએફ જવાનનું ફરજ દરમિયાન મોત : માદરે વતનમાં અંતિમયાત્રા નીકળી

ભિલોડા,તા.૬

ભિલોડા તાલુકાના ધોલવાણી ગામના બી.એસ.એફ.જવાનનું ફરજ દરમ્યાન અગમ્ય કારણોસર મોત નિપજતાં માદરે વતનમાં અંતિમ યાત્રામાં અનેક લોકો જોડાયા હતા. બી.એસ.એફ.જવાન તરીકેની ફરજ બજાવતા ધર્મેન્દ્રભાઈ રામજીભાઈ ભગોરા આ.ઉં.વર્ષ. ૩૫ મેઘાલય



રાજ્યના શીલીંગ વિસ્તારમાંમાં ભોમની રક્ષા કાજે ફરજ બજાવી રહ્યા હતા. બી.એસ.એફ. જવાનનું ફરજ દરમ્યાન કોઈ અગમ્ય કારણોસર કરૂણ મોત નિપજ્યું હતું. બી.એસ.એફ.ના જવાનો મૃતદેહને માદરેવતન ધોલવાણી ગામે મુંકવા તેમજ અગ્નીસંસ્કાર કરવા આવ્યા હતા તે દરમ્યાન બી.એસ.એફ. જવાનનો પરીવાર, ગ્રામજનો સહિત ભિલોડા તાલુકામાં ઘેરા શોકની લાગણી પ્રસરી હતી. ધર્મેન્દ્રભાઈ ભગોરાના પરીવારમાં પત્ની, ૨ પુત્રો, ૧ પુત્રી, ગ્રામજનો ભારે આક્રદ રોકકળ કરી મુકી હતી. બી.એસ.એફ.જવાનની અંતિમ યાત્રામાં માનવ મેદની ઉમટી હતી. ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.આઈ. આર.એચ.સોલંકી, ધોલવાણી ગામના ગ્રામજનો, રાજકીય નેતાઓ સહિત બી.એસ.એફ. જવાનઓએ બી.એસ.એફ.ના જવાનના મૃતદેહને માન સન્માન સાથે સલામી આપી મૃતદેહ ઉપર તિરંગો ઓઢાડી બી.એસ.એફ.ના જવાનોએ સલામી આપી હતી. ધોલવાણી ગામના બી.એસ.એફ.ના જવાનના અગ્નીસંસ્કાર કરાયા હતા. પરીવારજનો અને સગાં-સબંધીઓ હૈયાફાટ રૂદન કરતા હતા. બી.એસ.એફ.ના જવાનોએ પરીવારજનોને સાંત્વના આપી હતી.

## એક્શન પ્લાન તૈયાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગયા બાદ નવી માર્ગદર્શિકા તૈયાર કરી લેવામાં આવશે. ગૃહમંત્રીએ કહ્યું હતું કે, સરકાર પાકિસ્તાન સાથેની સરહદને સીલ કરવા માટે સંપૂર્ણપણે સજ્જ છે. આ પ્રોજેકટની કેન્દ્રીય સ્તર, બીએસએફના સ્તર ઉપર ગૃહ સચિવ દ્વારા નિયમિતરીતે ચકાસણી કરવામાં આવશે. રાજ્યસ્તરે, ચીફ સેક્રેટરી સ્તરે આની સમીક્ષા કરવામાં આવનાર છે. તેમણે ઉમેર્યું હતું કે, સરહદ સીલ કરવામાં એક્શન પ્લાન હેઠળ ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે. ગુજરાતમાં સિરક્રીક વિસ્તારમાં પણ આવી જ યોજના છે. સરહદને અસરકારકરીતે સીલ કરવા માટે મહત્તમ ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે. આજે યોજાયેલી બેઠકમાં રાજસ્થાનના મુખ્યમંત્રી વસુંધરા રાજે, નાયબ મુખ્યમંત્રી (પંજાબ) સુખબીરસિંહ બાદલ, ગુજરાતના નાયબ મુખ્યમંત્રી, રાજસ્થાનના ગૃહમંત્રી, ગુજરાતના ગૃહમંત્રી પણ ઉપસ્થિત રહ્યા હતા. જમ્મુ કાશ્મીરના ચીફ સેક્રેટરી બ્રિજનાથ શર્મા પણ ઉપસ્થિત રહ્યા હતા. બીએસએફના અધિકારીઓ પણ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા.

## વાતચીતો નિષ્ફળ જતાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરવાનુ વલણ અખત્યાર કરતાં ચૂંટણી જંગ નિશ્ચિત બન્યો હતો.

પંચાયતની ૧૬ બેઠકો માટે કોંગ્રેસના ૧૬ ઉમેદવારો ઉપરાંત ભાજપ તરફથી જયેશ ચૌધરી અને સુશીલાબા વાઘેલાની ઉમેદવારી ચાલુ રાખવામાં આવી છે. નગરપાલિકામાં ભાજપના ૪ની સામે કોંગ્રેસના ૪ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે. હવે ૧૮મીએ આ ચૂંટણી જંગ યોજાશે તેથી તંત્ર દ્વારા હવે મતદાનને લઈ તૈયારીઓ શરૂ કરવામાં આવી છે.

ચૂંટણી અધિકારી અજય પટેલે જણાવ્યુ છે કે ૧૮મીએ મતદાન યોજાશે અને ૨૦મીએ મતગણતરી કરી પરિણામ જાહેર કરવામાં આવશે. પંચાયતની ૧૬ બેઠકો માટે ૩૦ મતદારો છે જ્યારે નગરપાલિકાની ૪ બેઠક માટે ૧૨૮ મતદારો છે.આ ચૂંટણી નિષ્પક્ષ રીતે યોજવામાં આવશે. મતદાન જિલ્લા પંચાયતના સરદાર હોલમાં યોજવામાં આવશે તેમ પણ અજય પટેલે જણાવ્યુ હતુ.

## સેનાનું અપમાન...

● અનુસંધાન પહેલાનું ચાલુ

હતું કે, દલાલી કોંગ્રેસના મૂળમાં છુપાયેલી છે. અમિત શાહે પત્રકાર પરિષદ યોજીને કહ્યું હતું કે, રાહુલનું ખૂનની દલાલીવાળું નિવેદન લક્ષ્મણ રેખા પાર કરે તેવું છે. આને તેઓ કઠોર શબ્દોમાં વખોડે છે. રાહુલના શબ્દો સેનાની વિરતાનું અપમાન છે. શાહના પ્રશ્નના જવાબમાં કોંગ્રેસે કોઈ પ્રતિક્રિયા આપી નથી. અમિત શાહે પ્રશ્ન કરતા કહ્યું હતું કે, સર્જિકલ સ્ટ્રાઈકમાં દલાલીવાળી કોઈ વાત આવતી નથી. શાહના કહેવા મુજબ સર્જિકલ સ્ટ્રાઈક કોઈ આવી ઘટના ન હતી જે અંગે દલાલી જેવા શબ્દો નિકળવા જોઈએ. સેનાના જવાનોના ખૂન દલાલીની ચીજ નથી. આ નિવેદન કોંગ્રેસની માનસિકતા દર્શાવે છે. અમિત શાહે સંકેત આપ્યો હતો કે, આગામી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ આને ચૂંટણી મુદ્દો પણ બનાવી શકે છે. સેનાની વિરતાના પ્રયાસોને જનતાની વચ્ચે લઈ જવામાં આવશે અને સેનાનો આત્મવિશ્વાસ વધારવામાં આવશે. સેનાના જુસ્સાને વધારવા દરેક રાજકીય પક્ષનો અધિકાર છે. ભાજપ અધ્યક્ષે કહ્યું હતું કે, કયા મામલામાં દલાલીની વાત થાય છે. કોલસા કૌભાંડથી લઈને ટુજી અને બોફોર્સ કૌભાંડ સુધીમાં કોને દલાલી લીધી છે. હકીકતમાં કોંગ્રેસના નેતૃત્વના વિચારમાં ખાણી દેખાઈ રહી છે. તેમણે કહ્યું હતું કે, જ્યારે કોંગ્રેસ પાર્ટી સત્તામાં હતી ત્યારે સેનાની જરૂરિયાતોની અવગણના કરવામાં આવી હતી પરંતુ જ્યારે સેનાએ સરહદ પાર જઈને ત્રાસવાદીઓના લોંચપેડને તોડી પાડ્યા છે ત્યારે કોંગ્રેસ વળતા આક્ષેપ કરી રહી છે. સમગ્ર દેશ સેનાના જવાનોની સાથે છે. અમે ભારત વિરોધી નિવેદન પર નહીં પરંતુ સેનાના બુલેટ ઉપર વિશ્વાસ કરીએ છીએ. વર્તમાન સરકાર રાજકીય મજબૂત ઈચ્છા શક્તિની સાથે ઉભા છીએ. સર્જિકલ સ્ટ્રાઈકના રાજનીતિકરણના આરોપમાં શાહે કહ્યું હતું કે, કોંગ્રેસ અમારા પર આક્ષેપ ન મુકે કારણ કે, સર્જિકલ સ્ટ્રાઈકની ઘટનાના સંદર્ભમાં પોતે સેનાના ડીજીએમઓ માહિતી આપી ચુક્યા છે. આ સંદર્ભમાં સરકાર કોઈપણ વાત કરી રહી નથી. શાહે દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલ ઉપર પણ પ્રહાર કર્યા હતા અને કહ્યું હુતં કે, સર્જિકલ સ્ટ્રાઈક પર પુરાવા માંગવાની બાબત કમનસીબ છે. શાહના કહેવા મુજબ કેજરીવાલના આ નિવેદન બાદ પાકિસ્તાન સોશિયલ મિડિયામાં કેજરીવાલનું નિવેદન ચાલવા લાગી ગયું હતું. કોઈને પણ સેનાની વિરતા ઉપર શંકા કરવી જોઈએ નહીં.



મોંઘીબહેન બાલવિહાર વિજ્ઞાનનગરી ભાવનગર દ્વારા સંચાલિત ઈન્ડિયન સાયન્સ ઓલિમ્પિયાડમાં ૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે ગાંધર્વ કશીશ, દ્વિતિય ક્રમે ચૌહાણ પ્રદિપસિંહ અને તૃતીયક્રમે ગોહિલ આદિત્ય વિજેતા જાહેર થયા હતા. શાળાના આચાર્ય જયંતીભાઈ વી. પટેલે વિજેતા વિદ્યાર્થીઓને મેઝિક પઝલ્સની કીટ આપી બહુમાન કર્યું હતું. વિજ્ઞાન શિક્ષિકા કલ્પનાબેન એ. ચૌહાણે વિદ્યાર્થીઓને માર્ગદર્શન પુરું પાડયું હતું અને તાલીમ પણ આપી હતી.


**સુંદરકાંડ ગુપ્તા પરિવાર**



સ્વર્ગસ્થ શ્રીમતી શ્યામાદેવી ગુપ્તાની પ્રથમ પુણ્યતિથિના પાવન અવસર સુંદરકાંડ પાઠ

તા. ૮/૧૦/૨૦૧૬, શનિવાર, સમય : સાંજે ૫થી ૭

આયોજક : સમસ્ત ગુપ્તા પરિવાર - ઉમેશચંદ્ર ગુપ્તા

પ્લોટ નં. ૨૩/૨, સેક્ટર-૧૪, ગાંધીનગર (ગુજરાત)



**ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લિ.**

(ગુજરાત સરકારનું સાહસ)

**એક્સપ્રેસન ઓફ ઈન્ટરેસ્ટ (ઈ.ઓ.આઈ.) કમ રીક્વેસ્ટ ફોર પ્રપોઝલ (આર.એફ.પી.) ફોર કન્સલ્ટન્સી સર્વીસીસ ઓફ ઈન્ડીપેન્ડન્ટ એન્જીનીયર (આઈ.ઈ.)**

પાત્રતા ધરાવતી કન્સલ્ટન્સી પેઢીઓ / કંપનીઓ / સંયુક્ત સાહસો તરફથી મરામત અને સંચાલન હેઠળના નીચેના પ્રોજેક્ટો માટે ઓન લાઈન એક્સપ્રેસન ઓફ ઈન્ટરેસ્ટ કમ રીક્વેસ્ટ ફોર પ્રપોઝલ (આર.એફ.પી.) મંગાવવામાં આવે છે.

| ક્રમ | પ્રોજેક્ટનું નામ | રસ્તાની પહોળાઈ | પ્રોજેક્ટની લંબાઈ (કિ.મી.) |
|---|---|---|---|
| ૧. | પેકેજ-૧ | | |
| | (૧) અમદાવાદ-વિરમગામ-માલીયા રોડ બી.ઓ.ટી. બેઝીસ | ૪-લેન | ૧૭૯.૩૪૩ |
| | (૨) હાલોલ-ગોધરા-શામળાજી રોડ બી.ઓ.ટી. બેઝીસ | ૪-લેન | ૧૭૩.૦૬ |
| | (૩) રાજકોટ-જામનગર-વાડીનાર રોડ બી.ઓ.ટી. બેઝીસ | ૪-લેન | ૧૩૧.૬૫ |
| ૨. | પેકેજ-૨ | | |
| | (૧) ભૂજ-નખત્રાણા રોડ બી.ઓ.ટી. બેઝીસ | ૨ લેન+ પેવ્ડ સોલ્ડર | ૪૫.૦૦ |
| | (૨) કીમ-માંડવી રોડ બી.ઓ.ટી. બેઝીસ | ૨ લેન+ પેવ્ડ સોલ્ડર | ૪૫.૦૦ |
| | (૩) ડીસા-પાંથાવાડા-ગુંદરી રોડ બી.ઓ.ટી. બેઝીસ | ૨ લેન+ પેવ્ડ સોલ્ડર | ૪૪.૩૨ |
| | (૪) હિંમતનગર બાયપાસ | ૨ લેન+ પેવ્ડ સોલ્ડર | ૦૮.૭૩ |
| | (૫) ભૂજ-ભચાઉ રોડ (સી.ઓ.ડી. ૨૪ કિ.મી. માટે બાકી) | ૨૯ કિ.મી. ૪-લેન | ૭૭.૦૦ |

ઉપરોક્ત પ્રોજેક્ટ પી.પી.પી. (બી.ઓ.ટી.) ધોરણે વિકસીત થયેલ છે. ઓનલાઈન ટેન્ડર www.gsrdc.nprocure.com પર ભરવાના રહેશે. અગત્યની તારીખો નીચે મુજબ છે. વધુ વિગતો માટે વેબસાઈટ www.gsrdc.nprocure.com અને www.gsrdc.com જોવા વિનંતી છે.

**ઈ.ઓ.આઈ. માટે અનુસૂચિ**

| | | |
|---|---|---|
| ૧. | ડોક્યુમેન્ટ ડાઉનલોડ કરવા માટેની તારીખ | તા. ૧૦/૧૦/૨૦૧૬થી ૯/૧૧/૨૦૧૬ |
| ૨. | ડોક્યુંન્ટની કિંમત | રૂ. ૨૫૦૦૦/- પ્રતિ એક ડોક્યુમેન્ટ માટે ડી.ડી.ના સ્વરૂપમાં ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ, ગાંધીનગર ખાતે ચુકવી શકાય તે પ્રમાણે ઓન રીફંડેબલ, અને નોન ટ્રાન્સફરેબલ સ્વરૂપમાં આપવાના રહેશે. ઈ.એમ.ડી. દસ્તાવેજમાં જણાવ્યા અનુસાર. વધુ વિગતો માટે વેબસાઈટ જુઓ. |
| ૩. | સબમીશન કરવાની સ્થિતિ | ઈ-ટેન્ડરીંગ : wwww.gsrdc.nprocure.com |
| ૪. | પ્રિ-એપ્લીકેશન મીટીંગ | ૨૦/૧૦/૨૦૧૬ |
| ૫. | ઓનલાઈન ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ/સમય | ૧૦/૧૧/૨૦૧૬ : ૧૭.૦૦ કલાક સુધી |
| ૬. | પ્રિ-ક્વોલીફીકેશન બીડ ખોલવાની તારીખ (ઓનલાઈન) | ૧૦/૧૧/૨૦૧૬ : ૧૭.૩૦ કલાક સુધી |
| ૭. | ટેન્ડર ફી અને ઈ.એમ.ડી. ભૌતિક સ્વરૂપે રજૂ કરવાની તારીખ/ટાઈમ | ટેન્ડર ફી અને ઈ.એમ.ડી.ની સ્કેન કોપી ટેન્ડર દસ્તાવેજોની સાથે વેબસાઈટ ઉપર અપલોડ કરવાની રહેશે. તેના મુળ દસ્તાવેજો જી.એસ.આર.ડી.સી. ખાતે તા. ૧૧/૧૧/૨૦૧૬ થી ૧૮/૧૧/૨૦૧૬ સુધીમાં કચેરી સમય દરમિયાન એટલે કે. ૧૧.૦૦ થી ૬.૦૦ કલાક સુધીમાં આર.પી.એ.ડી. / સ્પીડ પોસ્ટથી મોકલવાના રહેશે. નિયત સમયથી પહેલા/પછી અન્ય કોઈ પણ માધ્યમથી સાદર કરેલ ટેન્ડર ફી / ઈ.એમ.ડી. જી.એસ.આર.ડી. ખાતે સ્વીકારવામાં આવશે નહી. તેમજ આ દસ્તાવેજો ભૌતિક રીતે રજૂ કરવામાં નહીં આવ્યેથી જી.એસ.આર.ડી.સી. દંડનીય પગલાં લેવા હકદાર રહેશે. |

જનરલ મેનેજર (પ્રો.)

ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લિ.

ગ્રાઉન્ડ ફ્લોર, નિર્માણ ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર

ફોન નં. : ૦૭૯-૨૩૨૫૨૯૧૨/૧૫, ફેક્સ નં., Email : gsrdc@gmail.com

માહિતી/૧૭૪૨/૧૬-૧૭